

શિહોરી-દિયોદર માર્ગ પર દિવસ-રાત ઓવર લોડ રેતી ભરીને દોડતા ટુરબો-ટ્રકોથી નાના વાહન ચાલકો અને રાહદારીઓ ભારે પરેશાની ભોગવી રહ્યા છે. ત્યારે ખુલ્લેઆમ કાયદાના ધજીયા ઉડાડતા આવા ટુરબો ટ્રકોવાળાઓ સામે તંત્ર લાલ આંખ કરી તેમની સામે દંડાત્મક પગલા કેમ નથી ભરતુ તે પ્રશ્ન છે ! રેતી ભરેલી ટ્રકો હાઈવે પર દોડતા તેની પાછળ આવતા વાહન ચાલકોની આંખોમાં ધૂળ,રેતીની કાંકરીઓ પડે છે પરિણામે અકસ્માતનો ભય રહે છે. શું રેતી ભરેલા ટ્રક ચાલકો નાના વાહન ચાલકોને આમ આંખો જ ચોળાવ્યા કરશે કે પછી કાયદાનું સાંભળશે !!! (હેમુભા વાઘેલા, થરા)

# ઊંઝા બસ સ્ટેશને ખિસ્સાકાતરુઓનો ત્રાસ

ઊંઝા, તા. ૨૨

ઊંઝા ખાતે એસ.ટી. બસ સ્ટેશને છેલ્લા ઘણા વખતથી પોલીસની ગેરહાજરીના કારણે મુસાફરોના ખિસ્સા હળવા થવાના તેમજ માલ સામાનની ઉઠાંતરીના કિસ્સાઓ વધ્યા હોવાની બૂમરાણ ઉઠી છે.

ઊંઝા શહેર એશિયાભરમાં વેપારક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવે છે. તેમજ કડવા પાટીદારોના કુળદેવી ઉમિયા માતાજીના ધાર્મિક સ્થાનને લીધે યાત્રાધામ છે. આથી સ્થાનિક બસ સ્ટેશને મુસાફર જનતાની વિશેષ અવરજવર રહેતી હોઈ દિવસ દરમિયાન વિદ્યાર્થીઓ મુસાફરોની ખાસ્સી ભીડ જોવા મળે છે. અગાઉ સ્થાનિક બસ સ્ટેશન પર કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે એક પોલીસ કોન્સ્ટેબલની નિયમિત હાજરી રહેતી હતી પરંતુ છેલ્લા ઘણા વખતથી પોલીસની હાજરી જણાતી નથી.

આ ઉપરાંત બાજુમાં હાઈવે પોલીસ ચોકીમાં પણ પોલીસ કોન્સ્ટેબલની હાજરી જણાતી નથી. પરિણામે બેગ ઉઠાવગીરો તથા ખિસ્સાકાતરૂઓને ફાવટ આવી હોય તેમ અવારનવાર બસમાં ચઢતીવેળા મુસાફરોના ખિસ્સા હળવા થવાના તેમજ મુસાફરોની કિંમતી માલ સામાન ભરેલ બેગોની ઉઠાંતરીના કિસ્સાઓ બની રહ્યા છે.

આ ઉપરાંત બસ સ્ટેશનમાં લુખ્ખા, આવારા અને અસામાજીક તત્વોના અડ્ડા જામી ગયા છે. આવા તત્વો મહિલા મુસાફરોની છેડતી કરીને પરેશાન કરતા હોવાની પણ લોક ફરિયાદ ઉઠવા પામી છે. આ બાબતે જીલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં લઈ સત્વરે ઊંઝા બસ સ્ટેશન પર એક પોલીસ કોન્સ્ટેબલની કાયમી રીતે નિયમિત હાજરી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ તેવું મુસાફર જનતા ઈચ્છે છે.

## ચાલુ ટ્રેક્ટર પરથી પડી જતાં યુવકનું મોત

પાલનપુર, તા. ૨૨

બનાસકાંઠાના દાતીવાડા તાલુકાના પાંથાવાડા નજીક આજે ગંગેશ્વર મહાદેવ માર્ગ પર ચાલુ ટ્રેક્ટર પરથી પડી જતા એક યુવાનનું કરૂણ મોત નિપજ્યું હતું.

મળતી માહિતી અનુસાર દાંતાવાડા તાલુકાના પાંથાવાડા નજીક આજે સવારે ગંગેશ્વર મહાદેવ માર્ગ પરથી ટ્રેક્ટર લઈ પૂરઝડપે પસાર થતા ટ્રેક્ટર ચાલકે ગફલતભરી રીતે ટ્રેક્ટર હંકાર્યું હતું જેથી પાછળ ટ્રેક્ટરની ટ્રોલીમાં બેઠેલ યુવાન રાજુસિંહ ભીખાજી રાજપૂત નીચે પડી જતા તેનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. આ મામલે પોલીસે ટ્રેક્ટર ચાલક છોટુસિંહ હડમતસિંહ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ડીસામાં ટવેરા અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતાં એકને ઈજા

ડીસા, તા. ૨૨

ડીસામાં સોમવારની રાત્રે હાઈવે પર ટ્રક અને ટવેરા ગાડી વચ્ચે અકસ્માત સર્જાતા ટવેરામાં સવાર એક ઈસમ ગંભીર હાલતમાં ઘવાયો હતો. જેને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ઘટનાથી હાઈવે પર એક કલાક સુધી ટ્રાફીક જામ થઈ જતા વાહનો અટવાઈ ગયા હતા.

ડીસા પંથકમાં છેલ્લા ઘણા સમયથી માર્ગ અકસ્માતમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે ત્યારે કચ્છ આદીપુર ખાતે રહેતા હરેશ ત્રિકમલાલ આસવાણી સોમવારે રાત્રિના સમયે પોતાની માલિકીની ટવેરા ગાડીમાં પાલનપુર હાઈવેથી કચ્છ તરફ જતા હતા ત્યારે ડીસા જલારામ મંદિર પાસે ગાડી ટ્રકની પાછળ ઘુસતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં હરેશ આસવાણીને ગંભીર ઈજા થતાં ડીસાના સેવાભાવી મનુભાઈ આસ્નાનીએ ઘવાયેલાને ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા.



## ઉચીધનાલ ગામમાં વિધવાની છેડતીની કોશીશ

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્મા તાલુકાના ઉચીધનાલ ગામે ગત રવિવારે એકલતાનો લાભ લઈ છેડતીની કોશીશ કરવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવા સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકાના ઉચીધનાલ ગામની વિધવા ધનલક્ષ્મીબેન તુલસીભાઈ પટેલ (ઉં.વ. ૪૦)ની રવિવારે રાત્રે આઠ વાગ્યાના સમયે એકલતાનો લાભ લઈ ઉચીધનાલ ગામના જ ઠાકરડા પારખાનભાઈ શંકરભાઈએ જવાજાપી કરી છેડતીની કોશિશ કરી હતી અને મહિલાને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ધનલક્ષ્મીબેન પટેલે પારખાન ઠાકરડા વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા બીટ જમાદાર બાબુભાઈ ગલાજીએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# છાલા ગામના સ્ટેન્ડ નજીક બાઈક અને ઈનોવાનો લોહીયાળ અકસ્માત

તલોદ, તા. ૨૨

તલોદ-મજરા રોડને સાંકળતા રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૮ ઉપરના છાલા ગામના સ્ટેન્ડ નજીક જ બાઈક અને ઈનોવાની ટક્કરની થયેલ અકસ્માતમાં બે બાળકો અને એક મહિલા સહિત બાઈક ઉપર સવાર થઈ જઈ રહેલા ૪ વ્યક્તિઓને લોહીયાળ ઈજાઓ પહોંચી હતી. બાઈકચાલક રોડ ક્રોસ કરવા જતા હતા ત્યારે હિંમતનગર તરફથી આવતી ઈનોવા ગાડીની જોરદાર ટક્કર લાગતાં બાઈક સાથે જ ચારેચાર બાઈકસવારો રોડ ઉપર પટકાઈ પડ્યા હતા. જ્યાં તમામને ઈજાઓ પહોંચી હતી. ઘટના સ્થળે દોડી આવેલા લોકોએ અને ઈનોવા ગાડીના માલીકે ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

ગતરોજ મહેમદાવાદ તાલુકાના વિરાવતની મુવાડી ગામના કિરિટજી મેવાજી ઠાકોર પોતાની ભાણી નીતાબબેનને બાઈક (નં. જીજે-૧-ઈએ-૮૭૦૭) ઉપર પ્રાંતિજ તાલુકાના ગલતેશ્વર મુકામે તેણીની સાસરીમાં મુકવા જતા હતા ત્યારે આ અકસ્માત નડ્યો હતો. કિરિટજીની સાથે તેમની બેબી પિનલ અને નીતાબહેનનો બાબો યુવરાજ પણ બાઈક ઉપર મુસાફરી કરી રહ્યો હતો. કિરિટજી રોડ ક્રોસ કરવા જતા હતાત્યારે ઈડર-હિંમતનગરતરફથી આવતી અને કલોલ તાલુકાના કાંઠા ગામ તરફ જઈ રહેલી ઈનોવા ગાડી (નં.જીજે-૯એજી૬૭૨૮)ના ચાલકની કથિત ગફલતને કારણે ઈનોવાની જોરદાર ટક્કર કિરિટજીના બાઈકને લાગતાં જ બાઈક ઉપરસવાર વ્યક્તિઓ રોડ ઉપર ફંગોળાઈ જઈને પટકાઈ પડ્યા હતા. જ્યાં તેઓ લોહીયાળ ઈજાઓનો ભોગ બન્યા હતા. કિરિટજીના જમણા પગે ફ્રેક્ચર સહિતની ઈજાઓ પહોંચતા તેઓ કલાકો સુધી બેભાન અવસ્થામાં રહ્યા હતા. નીતાબહેન, યુવરાજ અને પિનલને માથા તથા શરીરના ભાગે નોંધપાત્ર ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત સર્જી ઈનોવાનો ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો જે આજે છાલા પોલીસ ચોકી ખાતે હાજર થઈ ગયોહતો. અકસ્માતમાં ઈનોવા ગાડી અને બાઈકને નોંધપાત્ર નુકશાન પહોંચ્યું હતું અકસ્માતના આ ગુનાની તપાસ છાલા એ.એસ.આઈ. દિલાવરખાન રસુલખાન ચલાવી રહ્યા છે.

# ગેરકાયદે રહેતા ત્રણ બાંગ્લા યુવકોની ધરપકડ કરી લેવાઈ

અમદાવાદ,તા.૨૨

અમદાવાદના અંતરીયાળ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી બાંગ્લાદેશીઓ ગેરકાયદેસર રીતે રહે છે. ત્યારે થોડા દિવસ પહેલા ગુપ્તચર દ્વારા સંદેશો મળ્યો હતો કે, આતંકવાદીઓ પોતાનું સ્લીપર સેલ મજબુત કરી રહ્યાં છે, જેમાં અમદાવાદમાં રહેતા બાંગ્લાદેશીઓનો પણ ઉપયોગ થઈ રહ્યો છે. જેના પગલે ગઈ કાલે પોલીસે સર્ચ ઓપરેશન હાથ ધરી ત્રણ બાંગ્લાદેશી યુવકોને ઝડપી લઈ તેમની પુછપરછ શરૂ કરી દીધી છે. ત્યાર બાદ આરોપીઓને પરત બાંગ્લાદેશ મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ પોલીસ સુત્રોએ જણાવ્યું છે.

ગઈ કાલે એસઓજી દ્વારા ચેકિંગ ચાલી રહ્યું હતુ ત્યારે શાહ આલમ દરવાજા પાસેથી ત્રણ યુવકો પસાર થઈ રહ્યાં હતા. ત્યારે તેમની પુછપરછ કરતા તેમની પાસે ભારતના નાગરીક હોવાના કોઈ જ પુરાવા મળ્યા ન હતા. જેથી પોલીસે જહાંગીર મન્નુ શેખ, નુરે સલામ મુતાલિબ ફકીર, જીઆર ઐયુબ કલામ શેખ(તમમ રહે હાલ, ચંડોળા તળાવ પાસે. મૂળ બાંગ્લાદેશ )ની ધરપકડ કરી હતી.

તમામ આરોપીઓએ જણાવ્યું હતુ કે, ભારત બાંગ્લાદેશની બેનાપુલ બોર્ડરેથી ભારતમાં ધૂસી આવ્યા હતા. આ માટે મન્નુ નામના એજન્ટને ૩૦૦૦ રૂપિયા ચુકવ્યા હતા. તેઓ રોઝી રોટી મેળવવા માટે અમદાવાદ હોવાનું આરોપીઓએ પોલીસને જણાવ્યું છે. જો કે, પોલીસે તેમની સઘન પુછપરછ અને ઘરે પણ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

# પાંથાવાડા પુરોહિત સમાજ પ્રગતિ મંડળની વાર્ષિક સભા મળી

પાંથાવાડા, તા. ૨૨

પાંથાવાડા પુરોહિત સમાજ પ્રગતિ મંડળની વાર્ષિક સાધારણ સભા સરસ્વતી કન્યા વિદ્યાલય ખાતે સમાજના આગેવાન ડાહ્યાભાઈ જોષીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

વાર્ષિક સાધારણ સભાના પ્રારંભે સંસ્થાના હિસાબો અને ગત વર્ષની કામગીરીને બહાલી આપ્યા બાદ મંડળના પ્રમુખ ગણપતભાઈ રાજગોરે આગામી બે વર્ષ માટે મંડળના પ્રમુખ પદ માટે પાંથાવાડાના અગ્રણી વેપારી મફતભાઈ પુરોહિતના નામની દરખાસ્ત મુકી હતી. જેને સામાન્ય સભાએ સર્વાનુમતે વધાવી લઈ પ્રમુખ પદે મફતભાઈ પુરોહિત અને મંત્રીપદે લાધારામ પુરોહિતની નિયુક્તિ કરાઈ હતી.

નવનિયુક્ત પ્રમુખે જણાવ્યું હતું કે પ્રમુખ પદ એ કાર્ય વહેંચણીનો એક ભાગ છે. આપણે બધા સાથે રહી સંસ્થાની પ્રગતિમાં ભાગીદાર બનીશુ તોજ સમાજ પ્રગતિના પંથે આગળ વધી શકશે. આ બેઠકમાં પાંથાવાડાના વતની અને જિલ્લા ભાજપના અગ્રણી ગણપતભાઈ જોષી, દશરથભાઈ રાજગોર, શાળાના નિયામક ઈશ્વરલાલ અને ટ્રસ્ટી કમલેશભાઈ જોષી વગેરેએ પ્રાસંગિક પ્રવચનમાં શિક્ષણ ઉપર ભાર મુકી દીકરીઓને ઘર આંગણે ભણાવવાની સમાજના અગ્રણીઓ દ્વારા કરાયેલ વ્યવસ્થાનો લાભ લેવા અનુરોધ કરાયો હતો. અંતે સંગઠન મંત્રી યશવંતભાઈ જોષીએ આભાર વિધિ કરી હતી.

# ચીફ એકાઉન્ટન્ટને દૂર ન કરવા બદલ નોટીસ

અમદાવાદ, તા.૨૨

ગુજરાત યુનિવર્સિટીને રાજ્યના શિક્ષણ વિભાગે કરેલા આદેશ બાદ હજી સુધી યુનિવર્સિટીના ચીફ એકાઉન્ટન્ટને દૂર નહી કરવામાં આવતા પૂર્વ સેનેટ સભ્યે યુનિવર્સિટીને વિશેષાધિકાર ભંગની નોટીસ ફટકારી છે. ગુજ. યુનિ.માં એફડી કૌભાંડમાં બહુ ચર્ચીત યુનિવર્સિટી પૂર્વ રજીસ્ટાર અને હાલ ચીફ એકાઉન્ટન્ટ મિનેષ શાહની વિરુદ્ધમાં રાજ્યપાલ સમક્ષ પૂરાવવા સાથે ફરિયાદ કરવામાં આવી હતી. જે ગંભીર નોંધ લેવાઈ છે. આ ઉપરાંત શિક્ષણ વિભાગ સમક્ષ પણ રજૂઆત કરાઈ હતી. જેના સંદર્ભમાં શિક્ષણ વિભાગ આદેશ કરી હાલ ચીફ એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા મિનેશ શાહને હોદ્દા પરથીદૂર કરવા આદેશ કર્યો છે. જેનું પાલન હજી સુધી નહીં થતા પૂર્વે સેનેટસભ્યએ યુનિવર્સિટીને વિશેષાધિકાર પૂર્વ ભંગની નોટીસ ફટકારી છે.

# નજીર વોરાના ઘરેથી પોલીસે સીસીટીવી ફુટેજ કબજે કર્યા

શહેરના જુહાપુરા વિસ્તારમાં રહેતો કુખ્યાત નજીર વોરા પાસામાં હોવા છતા ઘરે આવ્યો હતો અને દારૂની મહેફેલી માણતો ઝડપાઈ ગયો હતો. તેની સાથે ત્રણ પોલીસકર્મીઓ પણ ઝડપાયા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધી વેજલપુર પોલીસે તપાસ હાથ ધરી હતી. ત્યાર બાદ આરોપીઓને રિમાન્ડ માટે રજુ કર્યા હતા. જો કે, કોર્ટે તમામ આરોપીઓના રિમાન્ડ ફગાવી તેમને જામીન પર મુક્ત કર્યા હતા.

નજીર વોરાના ઘરે ડીસીપી ઝોન-૧ દ્વારા રેડ કરવામાં આવી હતી. ત્યારે બે પોલીસકર્મી ઝડપાઈ ગયા હતા. જ્યારે નજીર વોરા અન્ય એક પોલીસકર્મી સાથે ત્યાંથી પલાયન થઈ ગયો હતો. જો કે, તે સુરત પાસેથી ઝડપાઈ ગયો હતો. ત્યાર બાદ તેને અમદાવાદ લાવવામાં આવ્યો હતો. પોલીસે ગઈ કાલે નજીર વોરાના ઘરે પોલીસે રેડ કરી હતી. ત્યારે પોલીસને નજીરના ઘરેથી જ સીસીટીવી ફુટેજ મળી આવ્યા છે. નજીર બિનદાસ્ત ઘરમાં ફરી રહ્યો હોવાની અને દારૂની જ્યાફત માણી રહ્યો હોવાની વિગત મળી છે. જો કે, આરોપીના પરિવારજન દ્વારા તેમા ચેડા કરાયાની શંકા પોલીસને છે તેથી પોલીસ આ મામલે સઘન તપાસ કરી રહી છે. દરમિયાનમાં તમામ આરોપીઓને રિમાન્ડ માટે કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા.જ્યાં તેમણે જણાવ્યું હતુ કે, આરોપીઓ ક્યાં ક્યાં ગયા, તેમની સાથે કોણ કોણ સંડોવાયેલું છે, તેઓએ કોઈ ગુનો કર્યો છે સહિતના મુદ્દાની તપાસ કરવા માટે પાંચ દિવસના રિમાન્ડની માગણી કરી હતી.

# હિંમતનગરના બસ સ્ટેન્ડમાંથી ચાર શકમંદ પકડાયા : ચાર ચોરીના ગુના કબુલ્યા

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના બસ સ્ટેન્ડમાંથી હિંમતનગર પોલીસ સોમવારની રાત્રીના ચાર યુવાન શકમંદોને પકડી પાડ્યા હતા તેમને પૂછપરછ દરમિયાન ચાર ચોરીના ગુના કબુલ્યા હતા. પકડાયેલા ચારને મંગળવારની સાંજે રિમાન્ડ માટે કોર્ટમાં રજુ કરવાની તજવીજ હાથ ધરી હતી.

આ અંગેની વિગત આપતા હિંમતનગર ટાઉન પોલીસમથકના પી.એસ.આઈ. બી.વી. રાવળે જણાવેલ કે સોમવારની રાત્રીના ૮ વાગેના સુમારે ચાર શકમંદ ઈસમોને પકડ્યા હતા. જેમની પૂછપરછ કરતા તેમને પોતાનું નામ રફીક હનીફ શેખ (રહે. સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ પાછળ, હિંમતનગર), ઉમેચ મોહન મુલચંદ સોલંકી (રહે. બડા બેરખા, તા. બેતાલપુર) મોહન પારઘી (રહે. બડા બેરખા, તા. બેતાલપુર જી. ઈન્દોર) જણાવ્યું હતું અને વધુ સઘન પૂછપરછ હાથ ધરતા યોગ્ય જણાએ બે પાકીટ અને બે બેગ ચોરી મળી કુલ ચાર ચોરીનું કબુલાત કરી હતી જેથી પોલીસે ચારેય કબુલેલ મુદ્દામાલ માટે મંગળવારના રોજ સાંજે કોર્ટમાં રિમાન્ડની માંગણી માટે તજવીજ હાથ ધરી હતી.

# સાબરકાંઠા જિલ્લા ક્ષત્રિય સમાજ દ્વારા સન્માન સમારોહ યોજાયો

સલાટ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લા ક્ષત્રિય સમાજ દ્વારા તાજેતરમાં હિંમતનગર ખાતે જિલ્લાના સરપંચો, દૂધ મંડળીના ચેરમેનો, સેવા. મ. પિયત. વન તેમજ સહકારી મંડળીઓના ડિરેક્ટરો તથા સદસ્યોનો સન્માન અને સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. જેમાં ૬૦૦ જેટલા ક્ષત્રિયો હાજર રહ્યા હતા.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ નવા માર્કેટ યાર્ડ ખાતે આયોજીત આ સ્નેહમિલન અને સન્માન સમારંભમાં નકબંગ આશ્રમ પુનાદરાના સંત નંદલાલ બાપુ, પૂર્વ કાયદા પ્રધાન વી.ડી. ઝાલા, દિલીપસિંહ પરમાર, રાજેન્દ્રસિંહ ચાવડા, કૌશલ્યા કુંવરબા, ગોપાલસિંહ રાઠોડ, રણજીતસિંહ ચાવડા, જીણુસિંહ પરમાર, નવગણજી ઠાકોર, દીપસિંહ રાઠોડ સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ સરપંચો, વિવિધ મંડળીઓના ચેરમેનો તથા દાતાશ્રીઓનું વીર ભામાશા નામથી ટ્રોફી અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત રમતગમત ક્ષેત્ર તથા પીએચ.ડી.ની પદવી હાંસલ કરનાર સમાજના યુવાનનો વિશિષ્ટ સન્માન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

અંતે ઉપસ્થિત વક્તા અને સમાજના અગ્રણીઓએ ક્ષત્રિય સમાજની સમરસતા, શિક્ષણ પ્રત્યે જાગૃતિ, રોજગારલક્ષી માર્ગદર્શન, સામાજીક કુરિવાજો પ્રત્યે જાગૃતિ અને બંધારણીય જોગવાઈ મુજબ ઉચનીચના ભેદભાવ સિવાય ક્ષત્રિય એકતા માટે ભાર મુક્યો હતો. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા ક્ષત્રિય સમાજના પ્રમુખ કાળુસિંહ રાઠોડે સ્વાગત અને મંત્રી છત્રસિંહ જાડેજાએ આભારવિધિ કરી હતી.

## સાબરકાંઠા જિલ્લામાં ૧લી જૂનથી મતદારયાદી સુધારણા કાર્યક્રમ યોજાશે

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લામાં તા. ૧-૬-૨૦૧૨ થી તા. ૩૧-૭-૨૦૧૨ સુધી મતદાર યાદી સુધારણા કાર્યક્રમ યોજાશે. આ મતદાર સુધારણા યાદીમાં જેમના નામ ન હોય સાથે સાથે યુવા મતદારો અને બાકી મહિલા મતદારો ખાસ જાગૃત બની તેમનું નામ નોંધાવે તે લોકશાહીમાં ચૂંટણી પ્રક્રિયા માટે અત્યંત આવશ્યક છે. મતદાર યાદી ખામી રહીત અને વિશ્વસનીય બને તે માટે તમામ પ્રયાસો કરાશ.

મતદાર નોંધણી જાગૃતિ અભિયાન અંતર્ગત ટૂંક સમયમાં તમામ તાલુકા મથકે મતદાર સહાય કેન્દ્રો શરૂ કરવામાં આવશે. જેમાં મતદાર યાદીમાં નામ દાખલ કરવા, કમી કરવા, નામ જન્મ તારીખમાં ભૂલ સુધારવા, જરૂરી અરજી ફોર્મ ઉપલબ્ધ કરાશે. તેમજ ડુપ્લીકેટ ઓળખકાર્ડ પણ તૈયાર થઈ શકશે. ઉપરાંત તા. ૧૦-૬-૨૦૧૨ અને તા. ૧૭-૬-૨૦૧૨ રવિવારના આ દિવસો દરમિયાન મતદાર સુધારવા કાર્યક્રમ સંદર્ભે ખાસ ઝુંબેશ પણ રાખવામાં આવશે.

## માલપુર તાલુકાનું ગૌરવ

માલપુર, તા.૨૨

માલપુર તાલુકાના સાલમબાપુના પહાડીયા ગામના આદર્શ પ્રાથમિક શિક્ષકશ્રી મણીલાલ બારીયાની સુપુત્રી ચિ. નિરાલી ધોરણ-૧૨ના સાયન્સમાં ૬૫૦ માંથી ૫૪૬ ગુણ મેળવી સમગ્ર તાલુકામાં પ્રથમ રહેલ છે. કુ. નિરાલીએ સમગ્ર બક્ષીપંચ સમાજનું અને માલપુર તાલુકાનું ગૌરવ વધારેલ છે.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અધતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮